### આ સેવા મેળવવા માટે કોણ યોગ્ય છે?

બ્રેન્ટ કાઉન્સિલનાં ભાડૂતો અને લીઝહોલ્ડરો; બી.એચ.પી.નાં જે કર્મચારીઓ તેમની ફરજ દરમ્યાન ભોગ બન્યાં હોય કે સાક્ષી બન્યાં હોય; બી.એચ.પી. વિસ્તારની અંદર રહેતાં રહેવાસીઓ જ્યાં સેવા માટેનું ભંડોળ આપવામાં આવેલું હોય.

### યોગ્યતા માટેનો માપદંડ

1 નીચેના ગુનાનો ભોગ બનેલાં લોકોઃ
ખૂન, બંદૂકને લગતા ગુના, આક્રમક ઘરફોડ ચોરી અથવા લૂંટ
ઘરેલૂ હિંસા, બાળક પર અત્યાચાર, ગંભીર હેરાનગતી
કોઈ પણ પ્રકારનો નફરતપ્રેરિત ગુનો (વર્ણભેદ સહિત)
ગંભીર પ્રકારનું અસામાજિક વર્તન

2 કોર્ટમાં જુબાની આપવા માટે મંજૂર થયેલાં સાક્ષીઓ

3 કોઈ ગુનેગાર, તેના પરિવાર કે સાથીદારો તરફથી હેરાનગતીનો ભોગ બની રહેલાં અથવા ભોગ બનવાની શક્યતા હોય તેવાં લોકો અથવા સાક્ષીઓ

4 પોતાનાં ઘરોમાં ન રહી શકે અથવા જેમને કાયમ માટે બીજે રહેવા મોકલવાં જ પડે તેવાં ભોગ બનેલાં લોકો અથવા સાક્ષીઓ

### આ સ્કીમમાં કોણ કેસો રીફર કરી શકે છે?

- બી.એચ.પી.ના કર્મચારીઓ
- બ્રેન્ટ કાઉન્સિલના કર્મચારીઓ
- બી.એચ.પી.ના ભાગીદારો
- રહેવાસીઓના પ્રતિનિધિઓ
- સામાજિક સંસ્થાઓ અને પોલીસ

## ઉપયોગી સંપર્કો

**બ્રેન્ટ મેટ્રોપોલિટન પોલીસ કમ્યૂનિટી સેફટી યૂનિટ**
**Brent Metropolitan Police Community Safety Unit**
**020 8733 3742**

**પોલીસ Police**
**(24 કલાક) ઈમર્જન્સી**
**999**

**ચાઈલ્ડલાઈન Childline**
**0800 1111**

**બ્રેન્ટ સમારિટન્સ Brent Samaritans**
**020 8961 6181**

**વિક્ટિમ સપોર્ટ બ્રેન્ટ Victim Support Brent**
**020 8965 1141**

**બી.એચ.પી.ની એ.એસ.બી. ટીમ**
**BHP ASB Team**
**020 8937 2951**
**asb@bhphousing.co.uk**
**www.bhshousing.co.uk**

**બી.એચ.પી. નેબરહૂડ વોર્ડન સર્વિસ હોટલાઈન**
**BHP Neighbourhood Warden Service Hotline**
**(બપોરે 3.00થી સવારે 3.00 સુધી)**
**020 8451 5050**
**wardens@bhsphousing.co.uk**
**www.bhphousing.co.uk**

# વિટનેસ એન્ડ વિક્ટિમ સપોર્ટ સ્કીમ

**(સાક્ષીઓ અને ગુનાનો ભોગ બનેલાં લોકોને ટેકો આપવા માટેની યોજના)**

**WITNESS & VICTIM SUPPORT SCHEME**

**બી.એચ.પી. સ્વીકારે છે કે મકાનમાલિકોને અસામાજિક વર્તન સામે પગલાં લેવામાં એક સૌથી મોટી સમસ્યા, લોકોને સાક્ષી તરીકે આગળ આવવા માટે મનાવવાની નડે છે. ઘણાં લોકો કોર્ટની સુનાવણીઓમાં આવવા માટે રાજી હોતાં નથી.**

## ઉદ્દેશો

- બી.એચ.પી.નાં જે ભાડૂતો અને લીઝહોલ્ડરો કોઈ ગુનાનો અને ગંભીર અસામાજિક વર્તનનો ભોગ બન્યાં હોય અને /અથવા તેવો કોઈ બનાવ જોનારાં સાક્ષી હોય તેમને ટેકો આપવો.
- ભોગ બનેલાં લોકો અને /અથવા સાક્ષીઓને બ્રેન્ટ બરોની અંદર જ બીજું ઘર મેળવવામાં મદદ કરવી અથવા નેશનલ વિટનેસ મોબિલિટી સ્કીમમાં રીફર કરવાં.
- ભાડૂતો અને લીઝહોલ્ડરોનો આત્મવિશ્વાસ વધારવો જેથી તેઓ ગુનાખોરી અને ગંભીર અસામાજિક વર્તનો સામે પોતાનો અવાજ ઉઠાવવા માટે રાજી થાય.
- ગુનેગારો પર થતી સફળ કાર્યવાહીઓનું પ્રમાણ વધારવું.
- અસામાજિક વર્તન સામે પગલાં લઈને સામાજિક સુરક્ષામાં વધારો કરવો.

### ભોગ બનેલાં લોકો અને સાક્ષીઓ શું અપેક્ષા રાખી શકે

ખાનગીમાં વાત કરવા માટે તેમને ખાસ ફાળવવામાં આવેલા એક સમર્પિત બી.એચ.પી. ઓફિસર મળશે અને તેઓ જ્યાં યોગ્ય હશે ત્યાં સલાહ અને ટેકો પૂરાં પાડી શકશે

બી.એચ.પી.ના ઓફિસર ગુનાખોરો સામે પગલાં લેવાની શરૂઆત કરશે અથવા બનાવની પોલીસને જાણ કરશે

ભોગ બનેલી વ્યક્તિ અથવા સાક્ષીના ઘરના વાતાવરણનું જોખમનું મૂલ્યાંકન અને સુરક્ષાનાં પગલાં પૂરાં પાડવાં

બનાવ વિશે લાગતાવળગતા ઓફિસરોને જાણ કરી દેવામાં આવશે (કેરટેકરો, વોર્ડનો વગેરેને), જેથી તેઓ ભોગ બનેલી વ્યક્તિ અથવા સાક્ષીની સુરક્ષા વિશે સાવચેત રહી શકે

અંગત પેનિક અલાર્મ

વોર્ડન દ્વારા ચોકીપહેરો અને જો જરૂર પડે તો કામના સમય સિવાયના સમયે મુલાકાતો

કામના સમય સિવાયના સમયે ઈમર્જન્સીમાં સંપર્ક માટેની વિગતો આપવી

બીજા મકાનમાં રહેવા જવાની ગોઠવણ

યુકેની બીજી કોઈ બરો/ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલમાં બીજું ઘર મેળવવા માટે નેશનલ વિટનેસ મોબિલિટી સ્કીમમાં રીફરલ કરવું

### કોર્ટની સુનાવણી સુધી મામલો પહોંચવોઃ

કોઈ પણ કાનૂની પગલાં વિશે તેના દરેક તબક્કે સાક્ષીઓ સાથે ચર્ચા અને આયોજન કરવું

કેસની સુનાવણી પહેલાં કોર્ટમાં અંદર ફરીને બધું જોવાની તક, કોર્ટની કાર્યવાહીની સમજૂતી અને કોર્ટમાં સહાય કરવાની સગવડ

બી.એચ.પી.ના ઓફિસર ભોગ બનેલી વ્યક્તિ અથવા સાક્ષીની સાથે કોર્ટમાં જશે અને તેમને કોર્ટમાં જવા આવવા માટે વાહનની સગવડ કરી આપશે

### કોર્ટની સુનાવણી પૂરી થયા પછીઃ

માર્ગદર્શન અને કાઉન્સેલિંગ માટે રીફરલ, વળતર માટેની સલાહ અને ઈન્શ્યોરન્સ

કાનૂની પગલાંથી અથવા બીજી કોઈ રીતે ઉકેલ લાવ્યા બાદ સતત રીતે ટેકો આપવાની સગવડ